દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૫૪ વર્ષ
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
તા.૨૭ જુન, ૨૦૧૭

# અતિમહત્ત્વાકાંક્ષી સ્માર્ટ સિટી પ્રોજેક્ટ સુપેરે પાર પડી શકશે ખરો?

મોદી સરકારે વર્ષે ૨૦૧૫માં એક નવી જ ‘સ્માર્ટ સિટી’ યોજના જાહેર કરી હતી. આ યોજના અંતર્ગત દેશના ૧૦૦ શહેરોને સ્માર્ટ સિટી તરીકે વિકસાવવાનું જાહેર કરવામાં આવ્યું હતું. અને તે માટે જંગી બજેટ ફાળવવામાં આવ્યું હતું.

સ્માર્ટ સિટી તરીકે દેશના જે શહેરોને વિકસાવવાના છે એ નક્કી કરવા માટે સરકારે જણાવ્યું હતું કે વિવિધ શહેરો વચ્ચે સ્પર્ધા યોજવામાં આવશે અને એમાંય યોગ્ય ઠરેલા શહેરોને સ્માર્ટ સિટી તરીકે વિકસાવવા માટે પસંદ કરવામાં આવશે. આ માટે કુલ ચાર તબક્કામાં શહેરો વચ્ચે સ્પર્ધાઓ યોજાને શહેરને પસંદ કરીને જાહેર કરાવવામાં આવી હતી જે મુજબ અગાઉ જાહેર થયેલ ત્રણ યાદીઓમાં ૬૦ જેટલા શહેરો પસંદ કરીને જાહેર કરી દેવાયા હતા. બાકી જાહેરાત ૪૦ શહેરો માટે છેલ્લી સ્પર્ધા યોજવામાં આવી પરંતુ તેના ૩૦ જ શહેરો પસંદ થઇ શક્યા અને ચોથી અને છેલ્લી યાદીમાં આ ૩૦ શહેરોના નામ જાહેર કરાવવામાં આવ્યા. આ છેલ્લી યાદીમાં પણ ગુજરાતના નોંધપાત્ર ત્રણ શહેરો છે. જો કે તમામ ચાર યાદીઓ પછી પણ ૯૦ જ શહેર પસંદગી પામી શક્યા છે. તેથી હવે આ યોજના માટે બાકી ૧૦ શહેરોની પસંદગી કરવામાટે વધુ એક સ્પર્ધા યોજવી પડશે.

એ તો જે હોય તે પરંતુ અહીં પ્રશ્ન એ ઊઠે છે કે અતિ મહત્ત્વકાંક્ષી જણાતો સ્માર્ટસિટીનો આ પ્રોજેક્ટ સુપેરે અને સંપૂર્ણપણે પાર પડશે ખરો? સ્માર્ટસિટી માટે સરકારે જે ધારાધોરણો નક્કી કર્યા છે તે તો દેશના શહેરોની હાલની સ્થિતિ અને માળખું જોતાં આકાશના તારાઓને આંબવા જેવી બાબત જણાય છે. કોઇપણ શહેરોને સ્માર્ટસિટી તરીકે વિકસાવવા માટે સરકારે કડક ધારાધોરણો અખત્યાર કર્યા હોવાનું કહેવાય છે. જે શહેરને સ્માર્ટ શહેર કે સ્માર્ટસિટી તરીકે વિકસાવવામાં આવશે તેમાં પરિવહનની એટલે કે ટ્રાન્સપોર્ટેશનની આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધાઓ હશે. આવા શહેરમાં કોઇપણ સ્થળે પહોંચવા માટે મહત્તમ ૪૫ મિનિટનો જ સમય લાગે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે. હાલના વાહન વ્યવહારની અંધાધૂંધીમાં દૂરના સ્થળોએ પહોંચવા માટે કલાકો નિકળી જાય છે ત્યારે જો ખરેખર આવી વ્યવસ્થા વિકસાવી શકાય તો તે અતિ ઉત્તમ ગણાશે. સ્માર્ટ સિટીમાં આરોગ્યની ઉચ્ચ કક્ષાની સુવિધાઓ હશે. વિજળી અને પાણી ૨૪ કલાક મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવશે. પ્રાથમિકથી લઇને ઉચ્ચ શિક્ષણ નગરે ઉત્તમ કક્ષાની વ્યવસ્થા વિકસાવવામાં આવશે. આ ઉપરાંત નાગરિકોની સુરક્ષા માટે આખા શહેરમાં સીસીટીવી નેટવર્ક સહિત ફૂલપ્રુફ વ્યવસ્થા હશે અને મનોરંજન માટે વિવિધ પાર્ક સહિતના સ્થળો વિકસાવવામાં આવશે. આવી અનેક ફૂલગુલાબી જાહેરાતો સ્માર્ટસિટીના સંદર્ભમાં કરવામાં આવી છે.



જો ખરેખર આ પ્રમાણેના ૧૦૦ શહેરો દેશમાં વિકસાવી શકાય તો ઘણી જ અદ્દ્ભુત સ્થિતિ સર્જાય. સૂરત સહિત ગુજરાતના પણ અનેક શહેરો સ્માર્ટસિટી પ્રોજેક્ટ માટે પસંદગી પામ્યા છે ત્યારે ગુજરાત માટે પણ આ પ્રોજેક્ટ અતિ મહત્વનો સાબિત થઇ શકે. પણ અહીં ફરીથી એ પ્રશ્ન દોહરાવીએ કે દેશના શહેરોની હાલની સ્થિતિ જોતા આ શહેરોને નક્કી કરાયેલા ધોરણ મુજબ સ્માર્ટ શહેર તરીકે વિકસાવી શકાશે ખરા? અને વિકસાવી શકાશે તો કેટલા સમયમાં?

સ્માર્ટસિટી તરીકે વિકસાવવા માટે જે શહેરો પસંદ કરવામાં આવ્યા છે તો બધા જ શહેરો સ્માર્ટસિટી તરીકે વિકસાવા માટે પૂરેપૂરી અનુકૂળ સ્થિતિ ધરાવે છે એવું તો જણાતું નથી. ગંદકી, અરાજકતા, ઘોંઘાટ, અવ્યવસ્થા, અંધાધૂધી એ આવતા શહેરોના લક્ષણો છે. સુરતની જ વાત કરીએ તો સુરત શહેર ભલે ઘણું સ્વચ્છ બની ગયું હોવાનું કહેવાતું હોય છતાં શહેરના અનેક વિસ્તારોમાં આજે પણ તમને ગંદકીનું સામ્રાજ્ય દેખાશે. ખેર! ગંદકી તો સાફ કરી શકાશે. પણ સ્માર્ટસિટી માટે વાહન વ્યવહારનું જે માળખું વિકસાવવું પડશે તો તે અનુરૂપ સ્થિતિ સુરત શહેરમાં છે ખરી? હાલ શહેરમાં જે બીઆરટીએસ વ્યવસ્થા કરવામાં આવી છે તેને જ અનેક અવરોધો નડી રહ્યા છે અને પરિવહનની આ આધુનિક કહેવાતી સિસ્ટમ હાલ તો સુરતમાં નિષ્ફળ જઇ રહેલી જણાય છે. સ્માર્ટસિટીમાં બીઆરટીએસ, મેટ્રો મોર્ડન સિટી વ્યસ્ત કે અંડરગ્રાઉન્ડ રેલ્વે જેવી કંઇક વ્યવસ્થાઓ પરિવહન માટે વિકસાવવી હોય તો તે માટે વ્યવસ્થાઓ કરવાનું કામ શહેરોના આડેધડ થયેલા વિકાસને જોતા અશક્ય નહીં તો તે અતિ મુશ્કેલ હોવાનું જણાય છે. સ્માર્ટ સિટીમાં ૨૪ કલાક વિજળી સાથે પાણીની સવલત મળી રહેશે એમ કહેવાય છે પણ દેશના મોટાભાગના શહેરોમાં હાલ સવાર સાંજ થોડા કલાક માટે પણ પાણી બરાબર પુરુ પાડી શકાતું નથી. આ સ્થિતિને ૨૪ કલાક પાણીની ઉપલબ્ધિમાં કઇ રીતે કરી શકાશે તે એક પ્રશ્ન છે. આ ઉપરાંત શહેરના તમામ નાગરિકો માટે સારી આરોગ્ય અને શિક્ષણ સેવાઓ ઉપલબ્ધ કરાવવાનું કાર્ય પણ એવું જ મુશ્કેલ પુરવાર થાય એમ લાગે છે. હાલના સંજોગો અને સ્માર્ટસિટી માટે નક્કી કરાયેલા ધોરણો જોતા તો એવી ફાળ પડે છે કે આ પ્રોજેક્ટ નિષ્ફળ જવા જ સર્જાયેલો છે. આ અતિમહત્વકાંક્ષી પ્રોજેક્ટનો કરૂણ રકાસ નહીં થાય. એટલું જ આપણે ઇચ્છીએ દેશના ૧૦૦ શહેરોને સ્માર્ટ શહેરો તરીકે વિકસાવવાનો પ્રોજેક્ટ સરકારે હાથ ધર્યો તેના બદલે તમામ શહેરોના લોકોનું જીવન કંઇક સુધારી શકાય અને હાલની અરાજકતા અને અવ્યવસ્થાને નિવારી શકાય તે માટે સરકારે કંઇક વિચાર્યું હોત તો વધુ બહેતર થાત.

# પ્રવેશોત્સવના તાયફાઓ : મૂલ્યાંકન જરૂરી છે

## શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ

એકલવ્ય

**‘ગુજરાત સરકારો હંમેશાં ઉત્સવગેલી રહી છે. શ્રીમતી આનંદીબહેન શિક્ષણમંત્રી અને મુખ્યમંત્રી રહ્યાં તે દરમ્યાન ઉત્સવો ઉજવાતા રહ્યા, રાજયનું દેવું વધતું રહ્યું અને શિક્ષણ છેક ખાડે ગયું. પ્રવેશોત્સવ અને ભરતી મેળાનાં નાટકો મુખ્યમંત્રી બદલાયા પછી પણ ચાલુ રહ્યાં. વર્તમાન મુખ્યમંત્રી ઉત્સવો ઉજવવામાં પૂર્વ મુખ્યમંત્રીને ટપી જાય એવા છે. પ્રતિવર્ષ ઉજવાતા પ્રવેશોત્સવો નાટકોથી વિશેષ કંઇ નથી. આ પ્રકારના ઉત્સવોનું તટસ્થ મૂલ્યાંકન થવું જોઈએ. ઉત્સવો પાછળ ગરીબ પ્રજાના કેટલા રૂપિયાનો ધૂમાડો થયો અને એ તાયફાઓની ફલશ્રુતિ શી છે એ જાણવાનો પ્રજાને અધિકાર છે.’**

સુરતની મહાનગરપાલિકાની શાળાઓમાં પ્રવેશોત્સવ ઉજવવા મુખ્યમંત્રીજી પધારી રહ્યા છે! આ લેખ પ્રસિદ્ધ થશે ત્યાં સુધીમાં એ તમાશો પૂરો થઈ ગયો હશે. ખૂબ જ ખેદ સાથે નોંધવું છે કે પૂર્વ શિક્ષણમંત્રી આનંદીબહેન પટેલનો કાર્યકાળ આવા તાયફાઓ યોજવામાં જ પૂરો થઈ ગયેલો. પ્રત્યેક નાટકને અંતે શિક્ષણની ગુણવત્તા એકાદ બે વેંત નીચે ઉતરતી રહી. ત્યાર પછી શિક્ષણમંત્રીઓ બદલાતા રહ્યા, તાયફાઓ ચાલુ શાળામાં એડમિશન મેળવીને ભણવાનું શરૂ કરે એ એક સ્વભાવિક ક્રમ છે. ગુજરાત સરકારે એ ક્રમને ‘પ્રવેશોત્સવ’નું ખૂબસૂરત નામ આપીને ઉજવવાનું શરૂ કર્યું. નિષ્ફળ પૂર્વ શિક્ષણમંત્રી અને પૂર્વ મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે એ તાયફાઓને પરાકાષ્ઠાએ પહોંચાડયા. વર્તમાન મુખ્યમંત્રી પાસે રાજયનું દેવું વધારવા સિવાય બીજો કોઈ કસબ હતો નહીં અને છે નહીં એટલે એમણે પ્રજાના હિસાબે અને જોખમે પ્રવેશોત્સવો અને ભરતી મેળાઓ યોજવાનું ચાલુ રાખ્યું પ્રજાની ફરિયાદો સાંભળવાનો સમય મુખ્યમંત્રી પાસે નથી પરંતુ દર બીજે-ત્રીજે દિવસે ગુજરાતના ખૂણે ખૂણે ધસી જઈને ઉદ્દઘાટનો કરવામાં તેઓ શૂરા સાબિત થઈ રહ્યા છે.

જે પ્રવેશોત્સવો ઉજવવા પાછળ કરોડો રૂપિયા ખર્ચાઈ રહ્યા છે તેની ફલશ્રુતિ તપાસવા માટે મુખ્યમંત્રીજીએ થોડા રૂપિયા અને થોડો સમય ફાળવવાની જરૂર છે. સરકારી શાળાઓમાં સેવા આપતા શિક્ષકોનો મહામૂલો સમય સરકારી તાયફાઓ ઉજવવામાં અને પ્રધાનોનું સ્વાગત કરવામાં જ પૂરો થઈ જાય છે. જિલ્લા પંચાયતોની અને કોર્પોરેશનોની શિક્ષણ સમિતિઓ ભ્રષ્ટાચારના અડ્ડાઓમાં ફેરવાઈ ગઈ છે. બાળકોના શિક્ષણ માટે ફાળવવામાં આવેલી કરોડો રૂપિયાની ગ્રાન્ટ ઓફિસરો અને સરકારનિયુકત સભ્યો નિર્લજ્જતાથી ચાઉં કરી જાય છે. રોમ ભડકે બળી રહ્યું છે ત્યારે શિક્ષણમંત્રી અને મુખ્યમંત્રી પ્રવેશોત્સવની વાંસળી વગાડી રહ્યા છે! પ્રવેશોત્સવ ઉજવતી સરકારે સરકારી કેળવણીકારોની કમિટિ રચીને પ્રવેશોત્સવ અને ભરતી મેળાઓ જેવા તાયફાઓનું સર્વાંગી મૂલ્યાંકન કરાવવાની જરૂર છે. આ કમિટિ નીચેના જેવા પ્રશ્નોના ઉત્તર ઢૂંઢવાની કોશિશ કરે,

-પ્રવેશોત્સવો પાછળ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ઓફિસરોના કેટલા માનવકલાકો વેડફાયા?

શિક્ષણમંત્રી અને મુખ્યમંત્રીએ આ તાયફાઓની ઉજવણી પાછળ ગરીબ પ્રજાના કેટલા રૂપિયાનો ધૂમાડો કર્યો?

પ્રવેશોત્સવોને કારણે પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો? શિક્ષણ છોડી દેનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં કોઈ ઘટાડો નોંધાયો? શ્રમજીવી પરિવારોમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું?

પ્રાથમિક શાળાઓમાં સેવા આપતા શિક્ષકો અને આચાર્યો ‘પ્રવેશોત્સવો’ના તાયફાઓ અંગે શું વિચારે છે? તેઓ અધ્યયન - અધ્યાપન માટેના કલાકો વેડફીને ઉત્સવો ઉજવવાની તરફેણ કરે છે?

સરકારી શાળાઓમાં પ્રવેશોત્સવ’ની તૈયારી પાછળ અને સંબંધિત પ્રધાનની આગતા-સ્વાગતા માટેની પ્રેક્ટિસ પાછળ સેંકડો માનવકલાકો વેડફાઈ જાય છે. ગરીબ બાળકોને અને હારેલાં, થાકેલાં, કંટાળેલાં શિક્ષકોને એ શારીરિક કવાયતને અંતે મળે છે શું? હું ફરીથી ભારપૂર્વક કહું છું, ‘શિક્ષણક્ષેત્ર ભડકે બળી રહ્યું છે, શાસકો વાંસળીના સૂર રેલાવવાનું બંધ કરે.’ જયહિંદ

કોઇ ખભેથી દફતર ઉતરાવો!

એક શિક્ષિકાબહેને લાંબો પત્ર પાઠવીને જણાવ્યું છે, ‘હું પ્રવેશોત્સવના કાર્યક્રમમાં પ્રધાનજી સમક્ષ સ્વરચિત ગીત રજૂ કરવા ઈચ્છતી હતી. ગીતના શબ્દો છેઃ

‘કોઇ ખભેથી દફતર ઉતરાવો મારા રાજ!’ આ ગીતમાં દફતરના વજનથી પ્રાપ્ત થતી વેદના ચિતાર રજૂ કરવામાં આવ્યો છે. મને એ ગીત રજૂ કરવાની મંજૂરી ન મળી, ઠપકો જરૂર મળ્યો, ‘સોનાની લગડી જેવી આપણી નોકરી છીનવાઇ જશે, કંઈ ભાન-બાન છે કે નહીં?’ આપમા શિક્ષણ વિભાગના અધિકારીઓ છાશવારે ફોગટની ‘સિંહગર્જના’ કરતા સંભળાય છે. ‘કોઈને છોડવામાં નહીં આવે, કોઈને નિયમ કરતાં વધુ ફી લેવા દેવામાં નહીં આવે, શાળાની મંજૂરી રદ કરી દેવામાં આવશે વગેરે વગેરે!’ પ્રજા આ નિરર્થક હાકોટા સાંભળીને મૂછમાં હસે છે. બધા જાણે છે કે આ કાગળનો વાઘ છે, કોઈને ફાડી ખાવાનો નથી! એક પણ લેભાગુ શાળા બંધ થવાની નથી. અરે, આરટીઈએક્ટ હેઠળ ગરીબ બાળકોનો ભણવાને હક્ક ઝૂંટવી લઈને એડમિશન મેળવનારા ધનિક ગરીબોનો પણ વાળ વાંકો થવાનો નથી. બહુ બહુ તો એ એડમિશન રદ થશે. પરંતુ કહેવાતી શ્રેષ્ઠ શાળાઓ અને સોગંદનામાં પર ગરીબ બની બેઠેલા ધનિકોને કંઇ થવાનું નથી. (બાય ધ વે, આપ હિંદી મિડીયમ’ ફિલ્મ જોઈ આવ્યા કે નહીં? પ્રપંચી, કાવતરાંબાજ શાળા સંચાલકોની અને થોડા દિવસ માટે ગરીબ બની જનારા ધનપ્રસાદોની જબરદસ્ત ‘ફિલ્મ’ ઉતારવામાં આવી છે.)

મૂળ વાત પર આવીએ રીક્ષાની આજુ બાજુ અને સ્કૂલ વેનમાં પાંચ પાંચ કિલો વજનના દફતર લટકાવીને દબાઈ - કચડાઈ જતાં બાળકો કેમ કોઈને દેખાતાં નથી? ભાર વગરના ભણતરની મોટી મોટી વાતો કરવામાં શિક્ષણાધિકારીઓ અને પ્રધાનો શૂરા છે પરંતુ જયાં બાળકોના હિતમાં ક્રાંતિકારી ફેરફારો લાવવાના છે ત્યાં સૌની હવા નીકળી જાય છે. બાળકોના દફતરનું વજન એટલા માટે ઘટતું નથી કે એમાં જે ઠાંસી ઠાંસીને ભરાયેલ છે તે સાધન-સામગ્રીના વેચાણ પર શાળા સંચાલકોને તગડું કમિશન મળે છે. એ ભાર ઓછો થાય એમાં સરકારને શિક્ષણ ખાતાના અધિકારીઓને અને શાળા સંચાલકોને કોઈ રસ નથી. ચંદ રૂપિયા કમાવા માટે જેઓ બાળકો પર ક્રૂર અત્યાચાર ગુજારી રહ્યા છે એમને તો શું કહેવું? પ્રભુએ સૌને સદ્દબુદ્ધિ આપે એવી આપણી પ્રાર્થના છે.

આમીન.

### સંસ્કાર બિંદુ

*મને એક વાત યાદ આવે છે. એક શેઠજી એમના ચોપડામાં ‘કૂતરાની જલેબી માટે’ એમ લખીને પેઢીના ખર્ચ તરીકે બતાવતા. ઈન્કમટેક્સ ખાતામાં જ્યારે આ ચોપડા રજૂ કર્યા ત્યારે ઓફિસરે પૂછ્યું, ‘શેઠજી, આ કૂતરાની જલેબીનો ખર્ચ તમે વારંવાર બતાવ્યો છે તેનો શો અર્થ?’ ત્યારે શેઠજી બોલ્યા, ‘સાહેબ, તમારા જેવા સરકારી માણસો આવે અને એક યા બીજા બહાને નાણાં માગે અને તે વખતે અમે જે નાણાં આપીએ તેનો ખર્ચ અમે ‘કૂતરાની જલેબી’ ખાતે બતાવીએ છીએ.’ પેલા અધિકારીએ ખર્ચ માન્ય રાખ્યો.*

(સૌજન્ય:આઝાદી કી મશાલ’ સંપાદકઃ મહેન્દ્ર મેઘાણી)

# તંદુરસ્ત આરોપી જેલમાં જતાં જ અચાનક માંદા કેમ પડે છે?

કલકત્તા હાઈકોર્ટના ભૂતપુર્વ જજ કર્નન જેલમાં જતાની સાથેં જ માંદા પડી ગયા. મોટા ગુનેગારોનું આ રીતે માંદા પડવું બહુ જાણીતુ છે અને તે જેલમાં જ ન રહેવા માટેનો એક જાણીતો નુસખો છેં. જેલમાં ગયેલો આરોપી પોતાની તબિયત બગડવાની ફરિયાદ કરે એટલે તબીબી સેવા આપવી જ પડે. કર્નન તો પોતે જજ રહી ચુકયા હોય તેમને બીજા કરતાં ય વધુ ખબર હોય. કર્નનને જેલમાં રાખવા અઘરા થઇ પડશે કારણ કે તેઓ અપરાધી માનસ ધરાવતા જજ હોવાનું તો પુરવાર થઇ ગયું છે. તેઓની ધરપકડ પણ એટ્ા માટેં જ થઈેં કે તેમણે સુપ્રીમ કોર્ટનો તિરસ્કાર કર્યો હતો. ન્યાયતંત્રના વરિષ્ઠ હોદ્દે રહેલા ન્યાયતંત્રને પડકારે એવા સંજોગ કયારેક આવતા હોય છે. જેલમાંથી હોસ્પિટલ લઇ જવાયેલા કર્નન હજુ કાયદાનો જ આશ્ચય લઇ કેવી કેવી રમતો કરશે તેની આગાહી મુશ્કેલ છે. કાયદા જોડે જેને રમતા આવડે તે કયાંય સુધી રમી શકે છે. આપણા અનેક વરિષ્ઠ વકીલો પણ કાયદાને રમાડી ચુકયા છે. રામ જેઠમલાણીનું નામ તેમાં ટોચ પર છેં. જાણીતા ગુન્હેગારનો કેસ લડનાર વકીલને કોઇ કહી નથી શકતું કરણ કે તેના માટેં તો તે વ્યયસાય છે અને કોર્ટ પેલા આરોપીને ગુનેગાર જાહર ન કરી ત્યાં સુધી તો તેને ગુનેગાર કહી પણ ન શકાય! આમાં વાત તો વિવેકની છેં પણ પોતાન નૈતિક વલણની ય છેં. કોઇ વકીલ નૈતિકતાની ઐસી તૈસી કરી પોતાના કામને વ્યવસાવિક ફરજ તરીકે ઓળખાવે તો શું કરી શકો?

કર્નન જેલમક’ જતાં જ માંદગીનું બહાનું(?) કાઢયું. એવા બહાના આસારામ બાપુથી માંડી જેલમાં ગયેલા અનેક રાજનેતાઓ પણ કાઢી ચુકયા છે આ બહાને તેઓ ફરી સગવડ પામે અને હોસ્પિટલમાં સારવાર દરમ્યાન જે બીજી ગોઠવણ કરવાની હોય તે પણ કરી લે. ગુનેગારો એવા પણ હોય છેં કે પોતે કેટલો સમય માંદા રહેવું છેં તે પણ નક્કી કરે અને ઘણી વખત તો પોતાને સામે ચાલી કોઇ મોટા રોગમાં ફસાયાનું જાહેર કરાવે. ડોકટરોને ફોડતા આવડે તો તે શકયા છેં. ગુનેગાર રહસ્યમય રીતે આવી પડે. સંભવ છેં કર્નન એવી અનેક રમતો કરે અને જેલ સત્તાવાળાઓને દોડાવે. કાયદાની રીતે જ કરે એટલે કોર્ટ પણ શું કરી શકે?

આપણી જેલપાં કેવા કેવા પ્રકારની સગવડ ર્ભેગવી શકાય છે તે હવે સહુ કોઇ જાણે છેં. જેને બહુ મોટા ગુનેગાર તરીકે નથી જાણતા તેઓ પણ જેલમાં મોબાઇલ વાપરે છેં. માંદગીનું બહાનું ધરી ઘરનું ટિફિન પણ ખાય શકે છે. ભારતની જે સહુથી મોટી મોટી જેલો ગણાય છે ત્યાં જે કાંઇ ચાલે છે તે જાણો તો સમજાય કે ગુનાગાર અને તેમના વકીલ કેટલું અણધાર્યુ કરાવી શકે છે. તિહાર, યરવડાનાં કિસ્સા અનેવાર ચર્ચાયા છે. સંજયદત્તને જેલવાસ દરમ્યાન ખુબ વધુ રજાઓ કેમ મળી તે પુછાયયું હતું. સંજયદત્ત જેવા પૈસા, નામ અને વકીલોની કાબિલિયતને આધારે કાયદાકીય રીતે જ છુટનું ગાણુ કરીશકે તો કર્નન જેવા ભૂતપુર્વ જજ શું ન કરી શકે ? કયારેક થાય કે ન્યાયપુર્મિઓની સામે જ બધી રમત થતી હોય અને તેઓ બધુ સમજતાં ય હોય ત્યારે અંદરથઈ કેવા સમસમી જતા હશે? કેટલાક વળી એવું પહેલેથી જાણી જાય રો પોતાન હાથમાં એ કેસ ન રહે તેની તજવીજ કરી લે છે. કાયદા-નિયમોનાં અર્થઘટનમાં એટલી બધી સંભાવના હોય છે કે સ્પષ્ટ ગુનેગાર પણ છુટી જાય. જજની સામે જ કોઇ બીજાની હત્યા કરે અને કાબેલ હત્યારો પુરાવા જ ન રહેવા દે, સાક્ષી જ હાજર ન થવા દે તો જજ પોતે કશું ન કરી શકે એવી લાચારી હોય છે.

કર્નન જેવા ન્યાયતંત્રના વરિષ્ઠ હોદ્દે રહેલા, એટલે કે હાઇકોર્ટના ભઊતપુર્વ જજ સુપ્રીમ કોર્ટને પરસેવાો પડાવે તે આધાતક કહેવાય પણ કોઇ ઉપાય છે ખરો? આપણી ન્યાય પ્રણાલી આપણા કાયદા સામેના સવાલોના જવાબ કયારે મળશે? મળશે ખરા?

- બ.ટે.

# કાકા કેમ કહ્યું?

## સરવાળે ભાગાકાર

નિરંજન ત્રિવેદી

કાકા કહેવાથી ઘણાને માઠું લાગી જાય છે. ‘હે આણે મને કાકા કહ્યો?’ અહમ ઉપર ઘા થઇ જાય છે. હું બેન્કમાં હતો મેનેજર હતો. લોકો મને સાહેબ સાહેબ જ કહે. ત્રિવેદી સાહેબ કહીને જ બોલાવે તે ગમે. હવે સાહેબ કહેનારા મળતા નથી. હવે રીટાયર્ડ છું કોઇ અજાણ્યો લબરમૂછીયો છોકરો બાઇક ચલાવતા ચલાવતા કયારેક કહે ‘એ કાકા જૂઓ તો ખરા બાઇકની સામે આવો છો?’ ત્યારે સાહેબ માંથી કાકા થઇ જવાનો રંજ અનુભવાય. ‘કોઇ લૌટા દે મેરે બીતે હૂએ દિન’ એવું દિલ થાય. અમારા જ્ઞાતિબંધુ કવિશ્રી દલપતરામે એક કાવ્ય લખ્યું હતું. ‘પીપળ પાન ખરંતા, હસતી કૂપળિયો અમ વીતી તૂજ વીતશે ધીરી બાપુડીયાં’ આ પંકિત સૂચવે છે. કે પીપળમાં પણ કાકો કે કાકીનો અહેસાસ હશે. પેલી કુંપળોને ખબર નથી કે એક વખત એ પણ ખરી પડશે. સબ વકત વકત કી બાત હૈ.



આ યાદ આવવાનું કારણ આપણા આદરણીય અધ્યક્ષ શ્રી રમણભાઇ વ્હોરા જે ઇડરીયો ગઢ જીતી અધ્યક્ષ થયા છે. એ રમણભાઇ વ્હોરાને ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ગોર્ડ ‘કાકા’ તરીકે સંબોધ્યા ‘વ્હોરા સાહેબ સીવીલ હોસ્પિટલના ડૉકટરને મળવા ગયા હતા. તેમની ખાનગી ગાડી લઈને ગયા હતા. એમણે સીવીલના દરવાજા પાસે જ ગાડી પાર્ક કરી. એટલે હોસ્પિટલના સીકયુરિટી ગાર્ડ કહ્યું ‘કાકા ગાડી અહીંથી લઇ લ્યો’ ગાર્ડ ન ઓળખ્યા ભગવંત ને એવું થયું. સીકયુરિટી ગાર્ડને ખ્યાલ ન આવ્યો કે આ તો વિધાનસભાના અધ્યક્ષ છે. કાકાથી ગુસ્સે થયેલા રમણભાઇએ સીવીલ સર્જનને ફરિયાદ કરી અને પેલાની નોકરી ગઈ. ગાર્ડ ‘કુડ નોટ ગાર્ડ હીઝ ઓન સર્વિસ’ સિકયુરીટીવાળા પોતાની નોકરીને સાચવી ન શકયા. રમણભાઇ વ્હોરા વિધાનસભાના અધ્યક્ષ એમણે કેટલાય માનવંતા ધારાસભ્યોને ગેરલાયક ઠેરવ્યા છે તો આ ગાર્ડ કઇ વાડીનો મૂળો? જો ગાડી ઉપર લાલબત્તી હોત તો ગાર્ડ બચી જાત તેને ખ્યાલ આવી જાત કે આ લાલબત્તીવાળા સાહેબ છે. ‘બચકે રહેના’ ‘કાકા’ કહેવામાં ઘણીવાર રામાયણ થઇ જાય છે. કેટલાક વરસો પહેલા અમદાવાદમાં એક લબરમૂછીયો બાઇક વાળાને રોકયો પેલા યુવકે કહ્યું ‘કાકા મારો કંઇ વાંક નથી. કાકા કહેવાથી અકળાયેલા પોલિસ કર્મી પેલા યુવાનને લપેટમાં લીધો. એની વાર્તા બનાવી અમે તે વખતે અમારા કોલમમાં આલેખેલી કે એ યુવાન તો ઈન્સ્પેકટર સાહેબનો સાળો હતો. એણે એની બહેનને ફરિયાદ કરી કે ઇન્સ્પેકટર સાહેબ મારતી જીભે મોકાએ વારદાત’ પર પહોંચી ગયા. પેલા પોલિસ કર્મીની સૂળ કાઢી નાંખી ત્યારે પેલાને ખ્યાલ આવ્યો કે ‘હાય-હાય’ એ કયા કર બેઠા ગોરીલા યે તો થા થાનેદાર કા સાલા’ પોલિસવાળાએ એને પેલા યુવાને કાકા કહ્યું હતું તે ભૂલી ગયો. કાકા મટી ભત્રીજો થઇ ગયો. મામલો વાળી લીધો મધ્ય વયના કેટલાક સજનોને કાકા કોઇ કહે ત્યારે તેને લાગી આવે છે. એમાં કોઇ યુવતી એને કાકા કહેતો, એ ગમમાં ડૂબી જાય. ‘તેરી દુનિયા મેં દિલ લગતા નહિ’ એવું ગાવા બેસી જાય આવા એક સજ્જન જે ટ્રેઇનમાં મારી બાજુમાં બેઠા હતા. અને યુવતીએ ‘કાકા’ કહ્યું સજ્જન અકળાય ગયા. તેમને શાંત પાડતા મે કહ્યું ‘મિત્ર કામના સંબોધનથી અકળાતા નહિ. સુપરસ્ટાર રાજેશખન્નાને આવી ઈન્ડસ્ટ્રી કાકા જ કહેતા ખુદ ડીમ્પલ કાપડીયા પણ તેને કાકા કહેતી તમે આરંભ્યો તમે રાજેશખન્નાની સમકક્ષ છે. પેલા ગાર્ડને થયું હશે આ કાકા તો વાંકા છે!’

# ચર્ચાપત્રો

## એક વિશિષ્ટ નાટક

શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના અંતરિયાળ વિસ્તારમાં ગરીબ આદિવાસીઓને હોસ્પિટલની સુવિધા મળી રહે તે માટે નાટયપ્રયોગના ચેરીટી શોનું આયોજન સંજીવકુમાર ઓડિટોરીયમમાં થયું.

ઓડિટોરીયમે જનમેદનીથી છલકાયેલું હતું. નાટકના તમામ અંશને પ્રેક્ષકોએ સંપૂર્ણ શાંતિથી માણ્યું. નાટકમાં કોઇ પણ દ્વિઅર્થી કે અશ્લીલ કહેવાય એવા શબ્દોનો પ્રયોગ થયો નથી. બે પાત્રો દ્વારા પ્રેક્ષકોના મનોરંજન માટે તળપદી ભાષાનો પ્રયોગ થયો છે.

મહાત્મા ગાંધી મોહન ગાંધીના પાત્ર દ્વારા મોહન શ્રીમદ્ રાજચંદ્રજીના પરિચયમાં આવી પ્રભાવિત થયા. તેમની સાથેની મુલાકાત, રાજચંદ્રજીના પુસ્તકોનું વાચન અને તેમની અદ્દ્ભુત સ્મરણશકિત એક સાથે સો કાર્ય કરવા અને તેના સચોટ સાચા જવાબો તુરંત આપવા જેવી તેમની આધ્યાત્મિક શકિત નાટયપ્રયોગમાં રજૂ થતાં સ્વામી વિવેકાનંદની યાદ્દ આવી જાય. નાની ઉંમરમાં રાજચંદ્રજીનું મૃત્યુ. મૃત્યુ પછી પણ ગાંધીજીનું તેમના પ્રતિ ભારે ખેંચાણ, ગાંધીજી સત્ય, અહિંસા, દયા, માનવતા, આ દેહ તો ક્ષણભંગુર છે, આત્માની અમરતા, પૂર્વજન્મનો અભ્યાસ, ઈશ્વર પ્રત્યેની આસ્થાના તમામ ગુણોની કેળવણી શ્રી રાજચંદ્રજી પાસેથી શીખ્યા અને ગાંધીજી તેમના દર્શાવેલા માર્ગે વળ્યા. અંગ્રેજીના જુલમ - સિતમને સહી લેવાની અદ્દ્ભુત તાકાત તેમનામાં આવી.

ગાંધીજીની દક્ષિણ આફ્રિકામાં રંગભેદની લડત ભારતમાં અંગ્રેજો સામેની દાંડીયાત્રા અને યરવડા જેલના દૃશ્યો મંચ પર ભજવાયાં. રાજચંદ્રજીના મૃત્યુ બાદ ગાંધીજીને તેમનામાંથી સૂક્ષ્મ દેહે પ્રેરણા અને માર્ગદર્શન મળતાં રહ્યાં. પ્રાર્થનાસભામાં બાપુ સાથે થયેલી ભેટમાં પણ બાપુના મૃત્યુના અણસાર સ્વમુખે આપ્યા. અંતમાં બાપુની લાકડી પકડી રાજચંદ્રજીને આગળ ચાલતા બતાવી ‘અહિંસા પરમો ધર્મ’નું સૂત્ર મંચ પર ગૂંજતું રહ્યું.

રાષ્ટ્રપ્રેમી, ધાર્મિક, આધ્યાત્મિક અને સેવાના ક્ષેત્રોમાં જોડાયેલા નાગરિકોને આ નાટક ગમશે. વર્તમાન પ્રવાહમાં આ નાટક શેરી - મહોલ્લા, શાળા, કોલેજો અને અન્ય સંસ્થાઓમાં અભ્યાસ, સંસ્કાર અને ચારિત્ર્ય ઘડતર માટે બતાવવા જેવું નાટક છે.

**સૂરત ગોપાળ આર. પરમાર**

## આધાર મેનીયા

બેંક એકાઉન્ટ સાથે આધારકાર્ડનું સંકલન થયું હવે ઈન્કમટેક્સ ડીપાર્ટમેન્ટને આધાર નંબર આપવાનો છે. ત્યાર પછી એક પછી એક તંત્રો ઊભા થયા છે અને હવે મોબાઇલધારકોએ પણ આધાર નંબર આપવાનો ફતવો બહાર પડયો છે. ફરક એટલો જ છે કે મોબાઇલધારકોએ ફિંગર પ્રિન્ટ પણ આપવા પડશે. બેંક, ઈન્કમટેક્સ કે ગુજરાત ગેસવાળાની આવી માંગ નથી. ત્યાં ફકત આધાર કાર્ડની ઝેરોક્ષ જ આપવાની રહે છે. તો આ મોબાઇલ સર્વિસ પ્રોવાઇડર ફીંગર પ્રિન્ટ કેમ માંગે છે? શું જેના નામ પર સીમકાર્ડ હોય તે જ ફોન વાપરવાનો છે? તેના મિત્રો, સગાં વહાલા પણ વાપરે છે તો તેમને દેશદ્રોહીમાં ખપાવવાનો ઈરાદો છે? આપણે હમણાં સુધી જોયું છે કે સરકારશ્રી ખરેખર ભ્રષ્ટ લોકોને પકડી ન શકતી હોવાથી પોતે કંઇ કામ કરી રહી છે એવો આભાસ ઉત્પન્ન કરવા આખા દેશને લાઇનમાં ઊભા રાખવાનો પેંતરો રચ્યો છે.

**નવસારી એસ.જે. ભમગરા**

## જે પોષતું તે મારતું

આજના આ આધુનિક યુગમાં વ્યકિત પોતાના શ્વાચ્છોચ્છવા પર જેટલું ધ્યાન કેન્દ્રિત નહિ કરતા હોય એટલું વ્હોટસ એપ કે તેના મોબાઇલની બેટરી પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને જો કોઇ વ્યકિત પાસે એન્ડ્રોઇડ મોબાઇલ ના હોય તો તે પછાત હોય અથવા ટેકનોલોજીથી વાકેફ ના હોય તેના વિષે અન્ય એવા અભિપ્રાય લગાવે છે.

આ એક માધ્યમ છે. જેના થકી આપણે એકબીજા સાથે જોડાયેલા રહીએ છીએ. ઝડપથી માહિતીનું આદાન - પ્રદાન કરી શકીએ છીએ. પરંતુ એ માધ્યમ દ્વારા કયા પ્રકારની માહિતી આપ-લે કરવી એ આપણા હાથની વાત છે. આંતરરાષ્ટ્રીય સ્તરે લોકો સાથે સંપર્ક કરાવી વર્ષોથી વિખૂટા પડેલા મિત્રો સાથે મિલન કરાવે તો એક જ છત નીચે રહેતા એક જ ઘરના સભ્યોને સાથે બેસી વાતો કરવાને બદલે વ્હોટસએપ ગૃપના સભ્ય બનાવી દીધા. આજે જોઇએ તો અનેક કેટલાક લોકો ચાલુ ગાડીએ મોબાઇલ ફોનનો ઉપયોગ કરતાં અકસ્માતનો ભોગ બને છે અને જીવ ગુમાવે છે. હરવા ફરવાના સ્થળે જઇ સેલ્ફી ખેંચતા તેઓને પોતાનું ભાન રહેતું નથી અને મોતને ઘાટ ઉતરે છે. સોશ્યલ મીડિયા એ આપણી સગવડ ચોકક્સ છે. પણ જો એનો ઔચિત્યપૂર્ણ ઉપયોગ કરવામાં આવે તો કહી શકાય - ‘જે પોષતું તે મારતું’.

**સૂરત ભૂમિકા સુખડિયા**

## આતંકવાદની શરણાગતિ?

કાશ્મીરમાં પોતે સત્તામાં ભાગીદાર હોવાથી પરિસ્થિતિ હજી કાબૂમાં છે એવી ભારતીય જનતા પક્ષની દલીલના ડી.એસ.પી.ની નિર્મમ હત્યાના બનાવે ભુકકા બોલાવી દીધા છે. આતંકવાદને પગલે રોજ આપણા લાખેલા જવાનો અને પોલીસો મરે છે અને કાશ્મીરના મુખ્ય પ્રધાન પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીનો આતંકવાદને ટેકો નથી એવા ભ્રમમાં કદાચ હવે ભારતીય જનતા પક્ષ પણ નથી તો ત્યાં આવી સંહાર લીલા કયાં સુધી ચાલુ રાખવી? આવા સમયે ઈંદિરા ગાંધીનું ‘ઓપરેશન બ્લ્યૂ સ્ટાર યાદ આવે છે. મોદી સરકારના હાથ કયાં બંધાયેલા છે એ જાહેર નહીં થાય તો શંકા-કુશંકા વધતી જશે. આતંકવાદ સામે ડંફાસ મારનાર મોદી સરકારે આતંકવાદની શરણાગતિ સ્વીકારી લીધી છે?

**સૂરત મનહર સી. પટેલ**

## કાશ્મીરમાં ત્રાસવાદ

વારંવાર કાશ્મીર ક્ષેત્રે ત્રાસવાદી હુમલા થતા રહે છે. ૧૬ મી જૂને ફરી વાર ત્રાસવાદીઓએ ૬ જવાનોને હુમલામાં શહીદ કર્યા જે અનિચ્છનીય ઘટના ગણાય. એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ એ હુમલા માટે લશ્કર એ તોયબાએ જવાબદારી સ્વીકારી! હુમલો કરે, આતંક ફેલાવે, હત્યાકાંડ થાય અને એ ‘બહાદુરો’ જવાબદારી પણ સ્વીકારે? આ પ્રકારની માનસિકતા આતંકવાદીઓ જ ધરાવી શકે. આ કૃત્ય માટે જો જવાબદારી સ્વીકારતા હોય તો એમની સામે પણ કડક વલણ અપનાવી પાઠ ન ભણાવી શકાય? અનેકો વાર એમના દ્વારા આપણા જવાનોને શહીદી સ્વીકારવાની ફરજ પડે છે. એ સંગઠનો ત્રાસવાદ ફેલાવ્યા કરે, અને નિર્દોષ પ્રજાએ મૂંગે મોઢે પરિસ્થિતિ સ્વીકાર્યા કરવાની? વૈશ્વિક ક્ષેત્રે નિરાકારણ લાવવુ જરૂરી કારણ કે અન્ય દેશો પણ ત્રાસવાદીઓનો ભોગ બને જ છે અને આપણા જ દેશમાં કાશ્મીર સિવાયના અન્ય રાજયોમાં પણ ઘુસણખોરી ન કરે એની કોઇ ખાતરી ખરી? ત્રાસવાદ સામે સમગ્ર વિશ્વના દેશોએ એકતા દર્શાવી એનો ખાત્મો કરવો જ રહ્યો. નહીં તો વારંવાર ભયજનક તલવાર સૌના મસ્તકે તોળાયેલી જ રહેશે. શાંતિ કે સમજાવટનો સૂર એમને સમજમાં કદી પણ નથી આવવાનો. કારણ કે વિચારશીલતા અને શાંતિ એમની સમજશકિતથી જોજનો દૂર છે.

**સૂરત સુરેન્દ્ર શાહ**

## બેરોજગારો મતદાનમાં પરચો બતાવશે?

હાલમાં ૫૦ એન્જિનીયરીંગ કોલેજોની બેઠકો ખાલી પડી છે કારણ કે જેની દુહાઇ દેવાય છે તે યુવા ડિગ્રીધારીઓને કોઇ નોકરી નથી આપતું કે જેઓ હાલમાં જ નોકરીએ જોડાયા છે. તેઓની ઓછા પગારમાં બારથી ચૌદ કલાક ગધ્ધાવૈતરું કરાવી મશ્કરી થાય છે. હાલના યુવાનોની દુર્દશા જોતાં વિચાર આવે છે કે આ યુવાનો સિનિયર સિટીઝન્સ બનશે ખરાં કે પછી રામમંદિરની સેવામાં જ વિલીન થઇ જશે!

કરોડો રૂપિયા બેંકલોનો લઇને વિદેશ ભાગી જનારા બેશરમો ખુલ્લેઆમ ફરે છે, જુદી જુદી રીતે કરોડોની કરચોરી કરી લાખોનું દાન કરી વાહવાહી લૂંટનારાઓ ભામાશા - ‘દેશપ્રેમી’ કહેવાય છે, માણસ કરતાં ગૌવંશનું મૂલ્ય વધારે અંકાય છે, જે વિરોધીઓ છે એમને ‘દેશદ્રોહી’ કહેવાય છે, હજારો કમાન્ડોથી રક્ષાયેલા છપ્પનની છાતીવાળા વિદેશયાત્રાઓ, ઉદ્દ્ઘાટનો અને ઉજવણીઓમાં મશગૂલ છે, સુરત જિલ્લામાં જ હજારો હેકટરોની સરકારી જમીનો પર ઝીંગાતળાવો ગેરકાયદેસર રીતે ખુલ્લેઆમ ચાલે છે (પછી ચીનની ઘૂસણખોરીની ફરિયાદ શાને?) નેતાઓની મહેરબાનીથી રેતીમાફિયાઓ બેફામ બન્યા છે, દુકાનો મંદીમાં ચાલે છે ને રસ્તાઓ પર દબાણ કરનારા લારી ગલ્લા-પાથરણાં ધૂમ કમાય છે અને છતાં ટ્રાફિક સમસ્યાના સપ્તાહના નાટકો ભજવાય છે! ટ્રાફિક બ્રિગેડ ટ્રાફિક સંચાલનને બદલે ફૂટપાથ પર હેલ્મેટના નામે ખાયકી કરે છે. બેફામ વ્યાજખોરોને સરકારી હપ્તાખોરો શું કરી લેવાના?

ખેડૂતો, બેરોજગારો, દલિતો, ફિકસ-રોજિંદા પગારદારો, અસુરક્ષિત મહિલાઓ એકત્રિત થઇ આવતી ચૂંટણીમાં ચૂકયા વગર મતદાન કરી ઘમંડી રાજકારણીઓને બોધપાઠ શીખવશે?

**સૂરત યતિન શુકલ**